**ઔધોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી એચ.એ.ભુતવાલા અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૮૩/૨૦૨૪.**

**: આંક–૧૫ ની દસ્તાવેજો માંગતી અરજી લગત હુકમ :**

**૧.** આ કામે બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થા પાસે જુદા જુદા પાંચ પ્રકારના દસ્તાવેજોની માંગણી કરેલ છે. પ્રથમ પક્ષકારે સદર આંક–૧૫ ની અરજી સબંધે આંક–૧૯ થી જવાબ રજૂ કરેલ છે. તેમાં જણાવેલ છે કે, દસ્તાવેજો રજૂ કરાવવા અંગેનું કોઈ કારણ તેમની અરજીમાં જણાવેલ નથી અને આ અરજી આપવાનો બીજા પક્ષકારને કોઈ હકક કે અધિકાર નથી. વધુમાં જણાવેલ છે કે, સંસ્થા કયારેય પણ સંપુર્ણ બંધ કરવામાં આવેલ નથી, પરંતુ સંસ્થા ઈલેકટ્રોનીકસ સીસ્ટમમાં રેકર્ડ મેઈન્ટેન કરતી હતી, જે કરપ્ટ થઈ જતાં ઉપલબ્ધ નથી. આ કેસના આનુષાંગિક જે દસ્તાવેજો સંસ્થા પાસે ઉપલબ્ધ છે તે રજૂ કરવાની ખાત્રી આપેલ છે. માંગેલ દસ્તાવેજો રજૂ કરવા જરૂરી છે તેનું કોઈ સચોટ કારણ બીજા પક્ષકારે તેમની અરજીમાં જણાવેલ નથી. માંગેલ દસ્તાવેજો કેસના વિષયવસ્તુ સાથે કોઈ સીધો સબંધ ધરાવતા નથી, જેથી રજૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ બાબતે તેઓ નામદાર મુંબઈ હાઈકોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદા ઉપર આધાર રાખતા હોવાનું જણાવેલ છે.

**૨.** બીજા પક્ષકારે તેમની અરજી મુજબની દલીલો રજૂ કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, સંસ્થામાં દેખાડા ખાતર અલગ અલગ કોન્ટ્રાકટરો મારફતે કોન્ટ્રાકટના કામદારો પાસેથી કામ લેવામાં આવે છે, પરંતુ આ કરારો શામ અને બોગસ છે. સંસ્થાએ કાયદાકીય જોગવાઈઓનું પાલન કર્યા વિનાં ગેરકાયદેસર રીતે કલોઝર કરેલ છે. સંસ્થા બંધ થવાથી ખર્ચાઓ નીલ થઈ જાય તે માટે બેલેન્સ શીટ વિગેરે દસ્તાવેજો માંગેલ છે. વધુમાં સંસ્થાએ આઈ.ડી.એકટની કલમ–૨૫(ઓ)(૧) મુજબનો ગુનો કબૂલ કરેલ છે, જેના ચુકાદાની નકલ નિ.૨૦/૧ થી રજૂ રાખેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતાં માંગેલા દસ્તાવેજો આ કેસના ન્યાય નિર્ણય માટે જરૂરી હોવાનું અને તે સામાવાળા સંસ્થા પાસે હોય રજૂ કરાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

**3.** સામાવાળા તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે સંસ્થા ચાલુ છે, પી.એફ.નંબર અને ફેકટરી એકટનું લાયસન્સ પણ ચાલુ છે તથા આ હકીકત તેમના આંક–૧૩

થી રજૂ જવાબમાં પણ જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, કોન્ટ્રાકટરના કામદારો પ્રિન્સીપલ એમ્પલોયરના કામદારમાં ગણી શકાય નહિ. કલોઝરના કેસમાં કલોઝર અગાઉનાં ૧૨ મહિના પહેલાનાં દસ્તાવેજો કોર્ટે ધ્યાને લેવા જરૂરી છે. માંગેલ દસ્તાવેજો આ કેસમાં કઈ રીતે સુસંગત છે અને શા કારણથી જરૂર છે તેની કોઈ સ્પષ્ટતા કરેલ ન હોય અરજી રદ કરવા અરજ કરેલ છે. તેઓએ પોતાની દલીલના સમર્થનમાં નામદાર બોમ્બે હાઈકોર્ટનો **ડાઈઝ એન્ડ કેમીકલ વર્કર્સ યુનિયન –વિ– બોમ્બે ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, ૨૦૦૧(૮૯) એફ.એલ.આર.–૬૩૮** નો ચુકાદો રજૂ રાખેલ છે.

**૪.** અરજીની હકીકત તથા રેફરન્સની અનુસૂચિ તથા સંસ્થાએ લેબર કોર્ટના ફોજદારી કેસ નં.૮૯૨/૨૦૨૪ ના કામે કરેલ કબૂલાતની હકીકત ધ્યાને લીધી. બીજા પક્ષકારના માંગણાનાં નિવેદનની હકીકત તેમજ પ્રથમ પક્ષકારે રજૂ કરેલ જવાબ સાથે રેફરન્સની અનુસૂચિમાં દર્શાવેલ માંગણીઓ ધ્યાને લેતાં પ્રથમ પક્ષકાર પાસે માંગેલ દસ્તાવેજો પૈકી અનુ.નં.૧ ના કેટલાક દસ્તાવેજો આ રેફરન્સનો ન્યાય નિર્ણય કરવા માટે અગત્યના અને જરૂરી જણાય છે. બીજા પક્ષકારે તેમના માંગણાનાં નિવેદનમાં સંસ્થાએ એપ્રિલ–૨૦૧૯ થી જુલાઈ–૨૦૧૯ ના સમય ગાળામાં તબકકાવાર કામબંધી કરી તા.૩૧/૦૭/૨૦૧૯ થી સંપુર્ણ રીતે કલોઝર કરેલાનું જણાવેલ છે.

**૫.** કોન્ટ્રાકટરના કામદારોને પ્રિન્સીપલના એમ્પલોયરના કામદારની કુલ સંખ્યામાં ગણી શકાય નહિ તે બાબતે નામદાર બોમ્બે હાઈકોર્ટે **ડાઈઝ એન્ડ કેમીકલ વર્કર્સ યુનિયન –વિ– બોમ્બે ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, ૨૦૦૧ (૮૯) એફ.એલ.આર.–૬૩૮** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

(i) For the purpose of computation of the total number of workmen employed on an average per working day for the last twelve months, as contemplated u/s. 25-K(1) of the Industrial Disputes Act, only persons who answer the definition of "workman" as contained in sec. 2(s) of the Industrial Disputes Act are liable to be included. Mathadi workmen and contractors workers cannot be included in computing such number. As far as workmen of other industrial establishments are concerned, they can be included only if there is functional integrality between the industrial establishment whose case u/s. 25K is being considered and such other establishments.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે **ઓ.એન.જી.સી. –વિ– વર્કમેન, ગુજરાત**

**પેટ્રોલિયમ એમ્પલોઈઝ યુનિયન, ૨૦૦૨ (૨) જી.એલ.એચ–૩૩૧** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, સી.એલ.આર.એ. ના રૂલ્સ મુજબ જે દસ્તાવેજો, રજીસ્ટરો કોન્ટ્રાકટરે નિભાવવાના હોય તે દસ્તાવેજો રજૂ કરવા માટે પ્રિન્સીપલ એમ્પલોયરને ફરજ પાડી શકાય નહિ.

**૬.** ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અને રેફરન્સ કેસની અનુસૂચિ ધ્યાને લેતાં એપ્રિલ–૨૦૧૯ અગાઉના ૧૨ માસના સમય ગાળાના સંસ્થાના પગાર પત્રક, હાજરી પત્રક અને હકરજા પત્રક જે સંસ્થાના કબજામાં રહેતા હોય તે દસ્તાવેજો રેકર્ડ ઉપર આવે તો રેફરન્સ કેસનો પુરાવાને આધિન ગુણદોષ ઉપર યોગ્ય ન્યાય નિર્ણય કરી શકાય તેમ છે. આ વિવાદનો ન્યાય નિર્ણય કરવા માટે આ દસ્તાવેજો અગત્યના છે અને તે કેસના ગુણદોષને અસર કરે તે પ્રકારના હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

**(૧)** બીજા પક્ષકારની **આંક–૧૫** ની અરજી "**અંશતઃ મંજૂર**" કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થાને એપ્રિલ–૨૦૧૯ અગાઉના ૧૨ માસના સમય ગાળાના સંસ્થાના પગાર પત્રક, હાજરી પત્રક અને હકરજા પત્રક આવતી મુદ્દત તારીખ સુધીમાં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**(૨)** દસ્તાવેજો ઉપલબ્ધ ન હોય તો તે અંગેનું જવાબદાર અધિકારીનું સોગંદનામું આવતી મુદ્દતે રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સભંળાવી, સહી કરી જાહેર કર્યો.

Digitally signed by
HEMANSU AMRUTLAL BHUTWALA
Reason: ORDER
on 15/10/2025 11:49:06 IST.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૫/૧૦/૨૦૨૫.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪.
અમદાવાદ.
**CODE–GJ00883**

H.M.PRAJAPATI P.A.